**Gujarati Midday Pg 14, 23rd March 2022**

# ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં ધગધગતી તેજી: માર્કેટકૅપ બે ટ્રિલ્યન ડૉલરને ફરી ટચ

## આઇસી૧૫ ઇન્ડેક્સ ૧,૯૪૦ પૉઇન્ટ વધ્યો




**ક્રીપ્ટોકરન્સી** માર્કેટ ફરી તેજીમાં આવતાં બિટકોઇન ઇન્ટ્રાડે ધોરણે ૪૩,૦૦૦ ડૉલરની સપાટીને અને ક્રીપ્ટોકરન્સીનું કુલ માર્કેટ કેપ ઇન્ટ્રાડે ધોરણે બે ટ્રિલ્યન ડૉલરના આંકને અડીને આવી ગયા છે. આ લખાઈ રહ્યું છે ત્યારે માર્કેટ કેપ ૨.૬૯ ટકાની વૃદ્ધિ સાથે ૧.૯૩ ટ્રિલ્યન ડૉલર થયું છે તથા બિટકોઇન ૩.૮૭ ટકા વધીને ૪૨,૮૦૫ ડૉલરની આસપાસ ચાલી રહ્યો છે. ઈથેરિયમમાં ૨.૭૩ ટકાનો વધારો થતાં ભાવ ૩,૦૦૦ ડૉલરને આંબી ગયો છે. અગાઉ ગત ત્રીજી માર્ચે માર્કેટ કેપ બે ટ્રિલ્યન ડૉલર મૂલ્ય કરતાં વધી ગયું હતું.

છેલ્લા થોડા દિવસોમાં રશિયા-યુક્રેનના યુદ્ધ ઉપરાંત અમેરિકાના ફેડરલ રિઝર્વની વ્યાજસંબંધી નીતિ અને ફુગાવાની પરિસ્થિતિને અનુલક્ષીને ક્રીપ્ટો માર્કેટમાં સોપો પડી ગયો હતો, જે મંગળવારે દૂર થતાં અનેક રોકાણકારોને પણ આશ્ચર્ય થયું છે.

બિટકોઇન અને ઈથેરિયમ ઉપરાંત કાર્ડાનો અને પોલકાડોટમાં પણ અનુક્રમે ૯ ટકા અને ૫ ટકાની વૃદ્ધિ થઈ છે. ડોજકોઈન ૩.૩૫ ટકા ઊછળ્યો છે.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લૉન્ચ કરેલો ક્રીપ્ટોકરન્સીનો વિશ્વનો સર્વપ્રથમ ઈન્ડેક્સ - આઈસી૧૫ મંગળવારે બપોરે ૪.૦૦ વાગ્યે ૧,૯૪૦ પોઈન્ટ (૩.૨૨ ટકા)ના વધારા સાથે ૬૨,૨૨૦ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૬૦,૨૭૯ ખૂલ્યા બાદ ઉપરમાં ૬૨,૯૬૯ અને નીચામાં ૫૯,૫૮૨ ગયો હતો.